


સંબંધની મિઠાશ - રક્ષાબંધન પર્વની પૂર્વ સંધ્યાએ ભાઈનું મો-મીઠું કરાવવા બહેનો મોટી સંખ્યામાં મિઠાઈ અને ચોકલેટ ખરીદવા શહેરની મિઠાઈની દુકાનો પર ઉમટી હતી... કોરોનાના ભય વચ્ચે પણ પર્વનો ઉમંગ છલકાઈ રહ્યો છે. ક્યાંક સામાજિક અંતર જાળવીને અંતરની લાગણીઓ અભિવ્યક્ત કરવા પ્રતિકાત્મક મિઠાઈ ખરીદતી બહેનોની તસવીર...

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૦૧ કેસ : ૨૨ મૃત્યુ

**આજે રાજ્યમાં ૨૩૨૫૫ ટેસ્ટ કરવામાં આવ્યા : આજે ૪૭૯૯૧૬ લોકોને ક્વોરેન્ટાઈન કરનામાં આવ્યા અત્યાર સુધી ૪૬૫૮૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા**

ગાંધીનગર,તા.૨

રાજ્યમાં સતત છઠ્ઠા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૨૫૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૦૧ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૩ હજારને પાર થઈ ૬૩૬૭૫ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૨૨ મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૨૪૮૭ થયો છે. રાજ્યમાં ૮૦૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. આ સાથે ડિસ્ચાર્જ થવાનો આંકડો ૪૬ હજારને પાર થઈ ૪૬૫૮૭ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૬૦૧ એક્ટિવ કેસ છે. જેમાં વેન્ટીલેટર પર ૮૧ દર્દી અને ૧૪૫૨૦ સ્ટેબલ છે. રાજ્યમાં ટેસ્ટીંગની સંખ્યામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં આજની સ્થિતિએ ૮ કોર્પોરેશન અને ૩૨ જિલ્લામાં કોરોનાએ પગપેસારો કરેલ છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ સુરત કોર્પોરેશનમાં ૭ અને જિલ્લામાં ૫, અમદાવાદ શહેરમાં ૨, ભાવનગર શહેરમાં ૨ અને વડોદરા શહેરમાં ૨ દેવભૂમિ દ્વારકામાં ૧, ગાંધીનગર શહેરમાં ૧, પાટણમાં ૧ અને રાજકોટમાં ૧ સાથે કુલ ૨૨ મોત રાજ્યમાં કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૩ અને જિલ્લામાં ૧૨ સાથે કુલ ૧૫૫ નવા કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૨૬૮૧૮ થયો છે. આજે વધુ ૨ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૯૯ થયો છે. સુરતમાં આજે ૨૦૯ અને ગ્રામ્યમાં ૨૮ સાથે કોરોના પોઝિટિવના ૨૩૭ કેસ નોંધાયા છે.

આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતના કુલ કેસ ૧૩૫૬૮ નોંધાયા છે. આજે વધુ ૧૨ મોત સાથે કુલ મૃત્યુઆંક સુરતમાં ૪૨૪ થયો છે. વડોદરા શહેરમાં ૮૧ અને ગ્રામ્યમાં ૧૫ સાથે કુલ ૯૬ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ કેસ ૪૮૪૩ થયો છે. આજે વધુ ૨ મોત સાથે કોરોનાને લીધે ૧૦૭ વ્યક્તિના મોત અત્યાર સુધીમાં કુલ ૨૯ કેસ કોરોનાના નોંધાયા છે.

આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૫૪૧ થયો છે. રાજકોટ શહેરમાં ૮૦ અને ગ્રામ્યમાં ૧૪ સાથે ૯૪ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. ભાવનગર શહેરમાં ૪૬ અને ગ્રામ્યમાં ૨૬ કેસ, જુનાગઢ શહેરમાં ૧૯ સાથે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ કેસો નોંધાયા છે.

# ધાનેરાના લેલાવા ગામે ૨.૭૧ કરોડના દારૂ પર બુલડોઝર ફેરવાયું

**ધાનેરા પોલીસે ૨૩૭ જેટલા ગુનામાં પકડ્યો હતો દારૂ**



આમ તો ગાંધી ના ગુજરાત માં દારૂબંધી છે પરંતુ કેટલાક બુટલેગરો દ્વારા ગુજરાત માં દારૂ ઘુસાડવા માટે નું મોટું નેટવર્ક ચાલવામાં આવી રહ્યું છે ત્યારે ગુજરાત પોલીસ પણ આવા બુટલેગરો ને પકડવામાં સફળ રહી છે વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા પોલીસ ની તો ધાનેરા પોલીસે પણ હર હંમેશ બુટલેગરો ને નાથ માં સફળ રહી છે ધાનેરા પોલીસે ૨૩૭ જેટલા ગુનામાં ૨.૭૧ કરોડ કરતા વધુ નો દારૂ ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી અને આ તમામ દારૂ નો આજે ધાનેરા તાલુકા ના લેલાવા ગામે ૨.૭૧ કરોડ ના દારૂ નો નાશ કરવામાં આવ્યો હતો ધાનેરા પ્રાંત અધિકારી ડીવાયએસપી થરાદ નશાબંધી આબકારી સહિત ધાનેરા પોલીસ ની ટિમ હાજર રહી તમામ દારૂ નો નાશ કર્યો હતો તો બીજી તરફ વધુ પડતા લોકો પણ ભેગા ન થાય તે માટે ની પણ પૂરતી કાળજી લેવાઈ હતી

# અમદાવાદ શહેરના મંદિરમાં ઘંટને સ્પર્શ કરવા ઉપર પ્રતિબંધ લદાયો

**અધિકારીઓએ કડક દેખરેખ રાખવાનું શરૂ કર્યું છે : ભક્તોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે કોર્પોરેશન અને શહેર પોલીસે મંદિરમાં ઘંટને સ્પર્શ કરવા પર રોક લગાવી**

અમદાવાદ, તા. ૨

કોરોના મહામારીને પગલે મંદિરની ઘંટીઓ શાંત પડી છે.



મંદિરમાં આવતા ભક્તોના સ્વાસ્થ્યને વધુ સુરક્ષિત રાખવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેર પોલીસે મંદિરમાં ઘંટને સ્પર્શ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. મુલાકાતીઓ ઘંટને સ્પર્શ ન કરે તે માટે અધિકારીઓએ કડક દેખરેખ રાખવાનું શરૂ કર્યું છે. સુત્રોના જણાવ્યાનુસાર મંદિરના ઘંટ શ્રદ્ધાળુઓના મોતનું કારણ ન બને તે માટે કવાયત હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ તેમને મળ્યા હતા અને સલાહ આપી હતી કે ભક્તો ઘંટ ન વગાડી શકે તે માટે ઘંટ ઉપર કાપડ અથવા રૂમાલ બાંધે. મંદિરમાં આરતી દરમિયાન ઘંટનો ઉપયોગ થાય છે, જે મશીન દ્વારા ચલાવવામાં આવે છે, પરંતુ તે ભક્તોથી દૂર હોય છે. તેમણે કહ્યું કે, અમને જ્યાં સુધી આગળની સૂચનાઓ ન મળે ત્યાં સુધી આ સૂચનાઓનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. અમે અન્ય ઘંટીઓ પણ કવર કરી લીધી છે. કર્ણાવતી વિદવત પરિષદના અધ્યક્ષ સમીર રાવલે જણાવ્યું હતું કે, રિંગિંગ બેલ્સનો અવાજ આ ક્ષેત્રમાં પોઝિટિવ એનર્જી પેદા કરે છે. શાસ્ત્રીજી તરીકે જાણીતા રાવલ જે ભૂલાભાઈ ચાર રસ્તા ખાતે બહુચરમાતા મંદિરના પૂજારી છે. તેઓએ જણાવ્યું કે, પ્રાચીન હિન્દુ શાસ્ત્રોમાં રિંગિંગ બેલ્સના કંપનથી સકારાત્મકતા કેવી રીતે સર્જાય છે તેનો વિશે ઉલ્લેખ છે. જણાવી દઈએ કે, બે મહિનાથી વધુ સમયના વિરામ બાદ કેન્દ્રની ગાઈડલાઈનનું પાલન કરતા ૮ જૂને ગુજરાતમાં મંદિરો ફરીથી ખુલ્યા હતા. મંદિરમાં દર્શનની લાઈન સાથે સર્કલ દોરવામાં આવ્યાં છે. ચહેરા પર ફરજિયાત માસ્કથી લઈને સિંગલ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ સુધી બંને બાજુ સ્ટીલની સળિયા લગાવવા, સેનિટાઈઝર, થર્મલ સ્કેનરો લગાવવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તે સુનિશ્ચિત કરવા માટે

વધારાની સુરક્ષા સુધીની વિવિધ સાવચેતી રાખ્યા પછી ગુજરાતના મંદિરો ફરીથી ખોલવામાં આવ્યા છે. કેટલાક મંદિરના અધિકારીઓએ ઈ-આરતી શરૂ કરી દીધી છે કારણ કે ગાઈડલાઈન મુજબ લોકોને આરતી દરમિયાન એકત્રિત થવા પર પ્રતિબંધ છે.

# મોરારી બાપુની અપીલથી ૧૮.૬૧ કરોડ એકત્ર થયા

**રામ મંદિર માટે દાનની અપીલ કરી હતી**

ભાવનગર, તા. ૨

તલગાજરડામાં કથાકાર મોરારી બાપુની રામકથા ચાલી રહી છે. લોકો ટીવી અને ઈન્ટરનેટના માધ્યમથી રામકથાનો લાભ લઈ રહ્યા છે. અયોધ્યા રામ મંદિર નિર્માણ માટે થોડા દિવસો અગાઉ મોરારી બાપુએ ચાલુ કથાએ ૫ કરોડ રૂપિયા એકત્ર કરવાની અપીલ શ્રોતાઓને કરી હતી. જો કે ૫ કરોડના બદલે અલગ અલગ દેશો અને આપણા દેશના અનેક હિસ્સાઓમાં રહેલા ભક્તોએ ૧૮.૬૧ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. મોરારી બાપુએ કથામાં વ્યાસપીઠ પરથી જણાવ્યું કે જે આપણે તુલસીપત્ર પ્રભુની સેવામાં રાખ્યું છે, તેની છેલ્લી યાદી ગઈકાલ રાત સુધીની અવધી રાખી હતી. આપણા દેશમાં કાલે વધી પુરી થઈ ત્યાં સુધીમાં ૧૧ કરોડ ૩૦ લાખ ૧૦ હજાર રૂપિયા પ્રભુસેવામાં અર્પણ કરેલા છે. યુકે અને યુરોપમાંથી ૩ કરોડ ૨૦ લાખ ૮૦ હજાર રૂપિયા એકત્ર થયા છે. અમેરિકા, કેનેડા અને અન્ય દેશોમાંથી ૪ કરોડ ૧૦ લાખ ૧૦ હજાર રૂપિયા એકત્ર થયા છે. કુલ રકમ ૧૮ કરોડ ૬૧ લાખ રૂપિયા ભક્તોએ પ્રભુ રામને અર્પણ કર્યા છે.

# ખેરોજ સાબરમતી નદીનાં પટમાં મગરમચ્છનો મૃત્યુ દેહ મળ્યો



ખેડબ્રહ્મા તાલુકાનાં ખેરોજ પાસે સાબરમતી નદીનાં પટમાં મરેલી હાલતમાં મગર મળી આવતા ચકચાર મચી જવાં પામી હતી. ફોરેસ્ટર વિભાગનાં કર્મચારીઓ ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. સ્થાનિક લોકો કહેવાય પ્રમાણે આ મગરેને પથ્થર વડે મારવાના કારણે મોત નિપજ્યું હોવાની શંકા સેવાઈ રહી છે. હાલમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા વધુ તપાસ હાથધરી છે.

# કોરોના મહામારી વચ્ચે બનાસ મેડીકલ કોલેજની અવિરત મેડીકલ સેવા યથાવત

**જિલ્લાના કોરોના પોઝિટિવ દર્દીઓને મળી રહી છે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ જેવી સુવિધાઓ**

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લામાં કોરોના મહામારીથી સંક્રમિત થયેલા દર્દીઓને અને કોરોના શંકાસ્પદ દર્દીઓને સારવાર આપવા માટે સરકારના માર્ગદર્શન મુજબ માર્ચ ૨૦માં બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ૧૨૬ પથારીની કોવિડ-૧૯ બનાસ મેડીકલ કોલેજ હોસ્પિટલ પ્રસ્થાપિત છે. જેમાં ૨૦ પથારી આઈસીયુની છે અને ૮ વેન્ટીલેટર, મલ્ટીપેરા, બાયપેપ વગેરે આધુનિક મશીનની સુવિધા ઉપલબ્ધ છે. આ કોવિડ-૧૯ હોસ્પિટલમાં આવેલ દર્દીઓને ઉત્તમ સારવાર મળવા સાથે કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે નહિ તેની સંપૂર્ણ કાળજી રાખી પૂરા જોશ અને ખંતથી કોરોના યોદ્ધા તરીકે બનાસ મેડિકલ કોલેજની ટીમ કામ કરી રહી છે.



આ કોવિડ-૧૯ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૭૮૭ દર્દીઓ દાખલ થયેલા તેમાંથી ૩૯૮ દર્દીઓ કોરોના પોઝીટીવ આવ્યા છે. દાખલ તમામ દર્દીઓની સારવાર નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા આપવામાં આવી રહી છે. બનાસ મેડિકલ કોલજની ટીમના ખંતપૂર્વકની કામગીરી અને આધૂનિક સારવારથી ૨૭૨ દર્દીઓ કોરોના સામેનો જંગ લડી સ્વસ્થ થતા તેને રજા આપી છે. હાલમાં કુલ ૪૯ દર્દીઓ પૈકી ૩૫ કોરોના પોઝીટીવ દર્દીઓ અને ૧૪ કોરોના શંકાસ્પદ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જે શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ નેગેટીવ આવેલા તેઓને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં કુલ ૨૬ કોરોના પોઝીટીવ દર્દીઓના મૃત્યુ થયું છે. આ હોસ્પિટલનો રિકવરી દર ૮૭.૪૫ ટકા છે.

આ હોસ્પિટલમાં દર્દીઓને ઉત્તમ પ્રકારની સારવાર આપવા સાથે દર્દીની જરૂરિયાત મુજબ સવારનો પૌષ્ટિક નાસ્તો, ચા/દૂધ, બપોરનું જમવાનું સાંજના તાજા ફાળો, ચા દૂધ અને રાતના ભોજન આપવામાં આવે છે. આ ઉપરાંત વોર્ડમાં આરઓ પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હોસ્પિટલના દરેક કર્મચારી દ્વારા દર્દીઓ સાથે આત્મીયતાથી ઘરના સભ્યો જેવો વ્યવહાર કરી હુંફ આપવામાં આવે છે. પરિણામ સ્વરૂપે દર્દીઓનું મનોબળ મજબુત થાય અને તે દર્દીને સાજા થવામાં પ્રેરક બાબત બને છે. હોસ્પિટલની કાર્યપદ્ધતિથી અને સારવારથી દર્દીઓમાં સંતોષ જોવા મળે છે. આ ઉપરાંત ગર્ભવતી દર્દીઓ માટે અલાયદો લેબર રૂમ શરુ કરવામાં આવ્યો છે.

કોરના મહામારી સામેની લડાઈમાં બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલના સફાઈ કર્મચારીઓ, સિક્યુરિટી સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, લેબોરેટરી સ્ટાફ, ફાર્માસીસ્ટ, જુનિયર્સ અને સીનિયર્સ તબીબો તથા મેનેજમેન્ટ ટીમ રાત દિવસ ખડે પગે કામ કરી રહી છે. આમ દર્દીઓની તમામ જરૂરિયાતોને ધ્યાનમાં રાખી બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આત્મીયતાથી અદભૂત સારવાર આપવામાં આવી રહી છે.

## બીસીજીથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે જે દેશમાં બીસીજીનું રસીકરણ ફરજાયાત છે ત્યાં કોરોના મહામારીને ફેલાવા સમયે પહેલા ૩૦ દિવસમાં સંક્રમણનો ફેલાવો અને મૃત્યુદર ઓછો જોવા મળ્યો છે. સંશોધકોએનું ધારવું છે કે જો અમેરિકમાં દશકાઓ પહેલા જ બીસીજી વેક્સિન ફરજીયાત કરવામાં આવી હોત તો ૨૯ માર્ચ સુધીમાં દેશમાં કોરોનાથી ફક્ત ૪૬૮ લોકો જ મર્યા હોત જેની સાથે એક્ચ્યુઅલ આંકડો તે સમયે ૨૪૬૭ હતો. સંશોધકોએ કહ્યું ભારત અને ચીન જેવા દેશો જ્યાં બીસીજીને રાષ્ટ્રીય ટીકાકરણ પ્રોગ્રામ અંતર્ગત આવરી લેવામાં આવી છે ત્યાં કોરોનાથી મૃત્યુદર ખૂબ જ ઓછો છે. કેટલાક ડોક્ટર્સનું પણ માનવું છે કે બીસીજીના કારણે કોરોનાને લગતી કેટલીક જટીલ આરોગ્ય સ્થિતિથી દર્દી બચી જાય છે. નાના બાળકને જન્મના ૧૫ દિવસમાં જ ટીબીથી બચાવવા માટે બીસીજી રસી આપવામાં આવે છે. જેનાથી આ રોગ સામે લડવા માટે તેની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. જ્યારથી ૮ મહિના પહેલાથી કોવિડ-૧૯ મહામારીની શરુઆત થઈ છે. ત્યારથી જ કોરોના સામે બીસીજીના ઉપયોગને લઈને અનેક ચર્ચાઓ થઈ છે. બીસીજી અંગેના આ અમેરિકન અભ્યાસમાં સંશોધકોએ ૧૩૫ દેશોમાં કોરોનાની શરુઆતના ૩૦ દિવસોમાં કેસના વધવાની ગતી અંગે અભ્યાસ કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું કે જે દેશમાં ફરજીયાત બીસીજી વેક્સિનેશન છે ત્યાં કોરોના કેસના કર્વને વાળવામાં મદદ મળી હતી. જોકે બીસીજીને કોઈ જાદુઈ જડીબુટ્ટી તરીકે ગણવી જોઈએ નહીં. પબ્લિક હેલ્થ નિષ્ણાંત ડો. અનંત ભાને કહ્યું કે 'કોવિડ-૧૯ની વિરુદ્ધ બીસીજી રસી કારગર છે તે દાવો વૈજ્ઞાનિકની જગ્યાએ ઈકોલોજિકલ વધુ લાગે છે. રિપોર્ટમાં કરવામાં આવેલ દાવો ફક્ત એક સંજોગ હોઈ શકે અન્યથા ભારત અને બ્રાઝિલ બંને દેશમાં બીસીજી રસીકરણ ફરજિયાત છે પરંતુ તેમ છતા આ બંને દેશમાં હાલ ખૂબ જ વધુ છે.

## વધુ ૧૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર અને કલોલમાં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. માણસામાં પણ ૧૦૦ થી વધુ કેસ થઈ ચુક્યા છે. દહેગામમાં પણ ૧૦૦ ની નજીક કેસોની સંખ્યા પહોંચી રહી હોવાથી તંત્ર ભારે વિમાસણમાં મુકાયુ છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૫૦ જેટલા કન્ટેનમેન્ટ વિસ્તારો આવેલા છે. તંત્રએ કન્ટેનમેન્ટ વિસ્તારોનું અમલીકરણ સઘન કરવા ઉપરાંત ક્વોરોન્ટાઈન કરાયેલા પરિવારો દ્વારા ક્વોરોન્ટાઈનના નિયમોનું પાલન થાય છે કે નહિ તેને લઈ સઘન તપાસ પણ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા આરોગ્યતંત્રએ પણ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે જિલ્લામાં આજે વધુ ૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા ચાર દિવસમાં ૧૦૦ થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ જિલ્લામાં ૨૧૫ કેસો એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં ૧૭,૭૨૮ લોકોને હાલ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## ૫૦૦ને પાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પ્રાંતિજની સિરામીક ફેક્ટરી સાથે સંકળાયેલ અને સે. ૧ માં રહેતા એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આઈ.ટી.આઈ. નડિયાદ ખાતે સ્ટોરકીપરની ફરજ બજાવતા અને સે. ૨૪ માં રહેતા એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગરની હોટલ હવેલીમાં નોકરી કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં રહેતા આ દર્દીના પરિવારના ૧૦ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૨ માંથી આજે વધુ એક કેસ કોરોનાનો મળી આવ્યો છે. નાગરિક પુરવઠા નિગમમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૧ સભ્યને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં કોરોનાના કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. કેસોની સંખ્યાને કારણે શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયુ હોવાનું તંત્ર માની રહેલ છે જો કે શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૩૭૧ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૪૦૦ જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૦૦ જેટલી થવા પામી છે.

## ઉકળાટથી બેચેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે પણ મહત્તમ તાપમાન નજીવુ વધ્યુ હતુ. મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડીગ્રી રહ્યુ હતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૧ થી ૬૯ ટકા રહ્યુ હતુ. દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે વાતાવરણમાં અસહ્ય ગરમીનો અહેસાસ કરતા નગરજનો બેબાકળા બની ગયા છે. આકરી ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. ઢળતી સાંજે પણ વાતાવરણમાં ઠંડક પ્રસરતી નથી જયારે રાત્રિના સમયે પણ પવનના અભાવે ઉકળાટનુ જોર વધી જાય છે. આવા સંજોગોમાં મેઘરાજા મન મુકીને વરસે તેવી આશ પ્રબળ બની છે. વરસાદના અભાવે વાતાવરણમાં ગરમીનુ જોર વધી રહ્યુ છે. જયારે અસહ્ય બફારના લીધે જનજીવન પ્રભાવિત છે. નગરજનો પણ કોરોનાની મહામારી વચ્ચે આકરા ઉકળાટથી બેચેન બન્યા છે.

## કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલુ

ગુમાવી પીછો છોડયો હતો. આવી રીતે નાણા પડાવી ઓનલાઈન નાણા કાર્ડથી મોકલતા લોકોના ડેટાની ચોરી કરી તે બેન્ક એકાઉન્ટ હેક કરી લાખો રૂપિયા ગણતરીના સમયમાં જ ખંખેરી નાંખે છે જયારે બેન્કમાંથી મેસેજ આવે ત્યારે ૨૪ કલાક પછી આવી છેતરપીંડીની ખબર પડતા લોકો નિસહાય બની જાય છે. આવી જ રીતે એક કોલેજમાં પ્રોફેસરના ખાતામાંથી ૧.૫૯ લાખ ખંખેરી લીધા તથા એમબીએના વિદ્યાર્થીના ખાતામાંથી ૪.૫૦ લાખ પડાવી લીધાની ફરીયાદ બહાર આવી છે. ફ્રી શોપીંગના બહાને તથા લકી ડ્રોમાં નંબર લાગ્યો છે તેમ જણાવી રજીસ્ટ્રેશન કરાવી ડેટા હેક કરી નાણા પડાવવાના કિસ્સા પણ લોકડાઉનમાં વધ્યા છે. આ આખુ ટ્રાન્ઝેકશન નો બ્લોકટ ટેકનોલોજીમાં થયેલ છે.

ઓનલાઈન બીઝનેશમાં લાખો કમાઓની લોભામણી લાલચો આપીને પણ રજીસ્ટ્રેશન કરવાના બહાને કાપડના વેપારીઓને લુંટેલ છે માછલીઓ ઉછેરવામાં નાણા રોકવા પ્રલોભન આપી યુવક સાથે ૭ લાખની છેતરપીંડી આચરવાનું પણ બહાર આવ્યું છે. સાવચેતીએ જ સલામતી છે.